# ગણપતિ વિસર્જનના વરઘોડાથી શહેરના રાજમાર્ગો ગુંજયા







ગાંધીનગર, તા.૧૫

ગણેશોત્સવ હવે પૂર્ણતાના આરે છે. આજે સાતમા દિવસે ઘણાએ ગણેશ વિસર્જન કર્યું હતું. ગણપતિ વિસર્જનના વરઘોડા શહેરમાં ઠેર ઠેર નીકળ્યા હતા. સવારથી મોડી રાત સુધી ઢોલ-નગારાના સ્વરો શહેરમાં ગુંજયા હતા.

ગાંધીનગરમાં આ વર્ષે ઠેર ઠેર ગણપતિ સ્થાપન થયું છે. અને ઘણા સ્થળોએ સાર્વજનિક ગણેશ મહોત્સવની ઉજવણી ચાલી રહી છે. છેલ્લા સાત દિવસથી શહેર જાણે ગણેશમય બની ગયું છે. આજે રવિવારે સાતમા દિવસે ગણેશ વિસર્જનના કાર્યક્રમો યોજાયા હતા. ગણેશ વિસર્જનના સરઘસ વહેલી સવારથી મોડી રાત સુધી ઢોલ નગારા અને ડી.જે. પાર્ટી સાથે નીકળ્યા હતા. ગણેશ વિસર્જન માટે ચાલતા કેટ્રક ટેમ્પોમાં જતા વરઘોડાઓએ શહેરમાં આકર્ષણ જમાવ્યું હતું. નાચતા કુદતા ગણેશજીના વિસર્જન માટે જતા ભાવિકોનો ઉત્સાહ સ્પષ્ટ જોઈ શકાતો હતો. નાના પાયે ઘરમાં કરવામાં આવેલી ગણેશજીની મૂર્તિ હોય કે સાર્વજનિક ગણેશોત્સવની પ્રતિમા, તે પૈકીની મોટાભાગની મૂર્તિઓનું વિસર્જન આજે સાતમા દિવસે કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં ઈન્દ્રોડા ગામે નદી કિનારે ઉભા કરાયેલ કૃત્રિમ તળાવ, ધોળેશ્વર અને નર્મદા કેનાલ સહિતના વિસ્તારમાં ગણેશજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

આજે વહેલી સવારતી મોડી સાંજ સુધી ચ-માર્ગ ગણપતિ બાપા મોરિયાના જયઘોષોથી ગાજ્યો હતો. અબીલ-ગુલાલની છોળો ઉડાડી ભાવિકો ગણપતિ બાપાને ઉલ્લાસમય વાતાવરણમાં વિદાય આપી રહ્યા હતા. ગાંધીનગરના મુખ્ય ત્રણ સાર્વજનિક ગણેશોત્સવના કાર્યકરો પણ મોટા વરઘોડા સાથે વિદાય આપવા નિકળ્યા હતા. ઢોલ, નગારા અને ત્રાસાની સાથે વાહનોમાં નિકળેલા ભાવિકો આવતા વર્ષે વહેલાસર પધારવા ગણપતિબાપાને પ્રાર્થના કરતાં હતા. આ વર્ષે રંગેચંગે ગણપતિ મહોત્સવ સંપન્ન થતાં ગણપતિ દાદા પરત્વે નગરજનો વંદન સહ પ્રણામ પાઠવ્યા હતા.

## ગણેશ વિસર્જનના સ્થળે ફાયર બ્રિગેડ સ્ટેન્ડ ટુ રહેશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર અને અમદાવાદના નરોડા તરફના વિસ્તારથી ગણેશ વિસર્જન માટે શ્રદ્ધાળુઓ ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવ તરફ વધુ આવતા હતા જો કે આ વખતે કરાઈ પાસે ગણેશ વિસર્જન વધુ થઈ રહ્યુ છે. ગણેશ વિસર્જન દરમ્યાન પાણીમાં ડુબી જવાથી ભક્તોના મૃત્યુની દર વર્ષે ઘટના બનતી હોવાનું ધ્યાને આવે છે. જેને પગલે અગમચેતીના ભાગરૂપે ગાંધીનગર ફાયરબ્રિગેડ કરાઈ ખાતે આજથી જ સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવી હોવાનું ફાયર ઓફીસર મહેશ મોડે જણાવ્યું છે.

# સે-૧૬ સિન્ડીકેટ બેંકમાં મોડી રાત્રે એલાર્મ રણકયો : પોલીસમાં દોડધામ

## ટેકનિકલ ક્ષતિના લીધે અચાનક જ એલાર્મ શરૂ થતા પોલીસને શિરદર્દ

## આખરે બેંક મેનેજર સ્થળ પર પહોંચતા મામલો થાળે પડયો

ગાંધીનગર, તા.૧૫

સે-૧૬ સ્થિત સિન્ડીકેટ બેંકમાં ગત મોડી રાત્રે અચાનક જ સિકયુરીટી એલાર્મ સિસ્ટમ રણકતા પોલીસ તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. સ્થળ તપાસ બાદ સબ સલામત હોવાનું પ્રકાશમાં આવતા પોલીસે રાહતનો દમ લીધો હતો. એલાર્મ બંધ કરવા અડધી રાત્રે પોલીસે બેંક મેનેજરનો સંપર્ક કરવા મથામણ કરી હતી. આખરે બેંક મેનેજરનો સંપર્ક થયા બાદ એલાર્મ સિસ્ટમ બંધ થઈ હતી.

સે-૧૬ સ્થિત સિન્ડીકેટ બેંકમાં ગત રાત્રિના ૧૨ વાગ્યાના અરસામાં અચાનક જ સિકયુરીટી એલાર્મ ઓન થતા દોડધામ મચી જવા પામી હતી. મોડી રાત્રિના સૂનકાર વચ્ચે અચાનક બેંકનું સિકયુરીટી એલાર્મ શરુ થતા આ અંગે પોલીસ કન્ટ્રોલ રૂમમાં મેસેજ પહોંયો હતો. જેના પગલે સ્થળ પર પહોંચી પોલીસે તપાસ હાથ ધરી હતી પરંતુ કોઈ શંકાસ્પદ હરકત માલુમ ન પડતા આ મામલે બેંક મેનેજરનો સંપર્ક કરવા પ્રયાસ શરુ કરી દીધા હતા. સતત પોણા કલાક સુધી બેંકનું એલાર્મ ચાલુ રહેતા સ્થાનિક રહીશોમાં પણ ગણગણાટ પ્રવર્ત્યો હતો. આખરે અડધો કલાકની જહેમત બાદ પોલીસના હાથે બેંક મેનેજરનો સંપર્ક નંબર લાગતા તેમને જાણ કરવામાં આવી હતી. આ દરમિયાન બેંક મેનેજર બેંક પર આવી પહોંચ્યા હતા. ત્યારબાદ એલાર્મ સિસ્ટમ રણકતી બંધ થઈ હતી. કોઈ ટેકનિકલ ક્ષતિના લીધે અચાનક જ એલાર્મ શરુ થઈ ગયું હોવાનું ધ્યાને આવ્યું હતું. પરંતુ મોડી રાત્રિના સમયે અચાનક જ એલાર્મ ગુંજતા પોલીસ તંત્ર અલર્ટ મોડમાં આવી ગયું હતું. ઘુમરે ચઢેલી પોલીસ માટે થોડીવાર મોટે મોટો શિરદર્દ ઉભો થયો હતો!!

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર શહેરમાંથી પસાર થતા અંબાજીના પદયાત્રીઓ માટે આરંભાયેલા સેવા કેન્દ્રો હવે બંધ થઈ રહ્યા છે.
- આગામી નવરાત્રિમાં ગરબા માટે ડ્રેસીસના ભાડામાં ૨૦ થી ૨૫ ટકાનો ઉછાળો દેખાતાં ગરબા રસિયાઓમાં ગણગણાટ જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર શહેરમાં પેપર વિતરણનું કામ કરતા ૧૦૦ જેટલા વિતરકો અંબાજી દર્શન કરવા માટે ગયા હતા.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. સ્વરૂપ, પ્રાંત અધિકારી શ્રી પ્રકાશ મકવાણાએ શહેરના સે. ૧૩, ૨૩ એ ૩૦ના બુથની મતદારયાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત મુલાકાત લીધી હતી.
- રાજ્ય સરકારના સનદી અધિકારી અને જાણીતા કવિ ભાગ્યેશ જહાએ બાંદ્રા (મુંબઈ) ખાતે એક વ્યાખ્યાન ધર્મ મારી દ્રષ્ટીએ વિષય પર આપ્યું છે.
- આજે ઝીલણી એકાદશીને લઈ રામાપીરના નેજા ઘણા બધા ગ્રામ્ય વિસ્તારમાં ચડ્યા હતા.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે કર્મચારી પરિવારો દ્વારા અનોખી ગણેશ વંદના કરી દર્દીઓને લાડુનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રસાદના લાડુ જાતે બનાવી પીરસાયા હતા.

# ટ્રાફીક અવેરનેસ માટે બાઈક રેલી યોજાઈ

## જનજાગૃતિના પેમ્ફલેટ, ચોકલેટ અને ટ્રાફીકના નિયમોના ભંગ કરનાર વાહનચાલકોને ગુલાબના ફુલ અર્પણ કરાયા



ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પોલીસ અને જે.સી.આઈ.ના સંયુક્ત ઉપક્રમે ટ્રાફીક અવેરનેસના ભાગરૂપે આજે સવારે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બાઈકરેલી મારફતે વાહનચાલકો સુધી ટ્રાફીક અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુસર જિલ્લા પોલીસ દ્વારા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઘ-૨ થી ઘ-૬ સુધીની બાઈક રેલીમાં પોલીસે જનજાગૃતિના પેમ્ફલેટ્સ વિતરણ કરાયા હતા. અને ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતાં વાહનચાલકોને ગુલાબનું ફુલ આપી ગાંધીગીરી કરવામાં આવી હતી.

સુરક્ષા હેતુ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ અને જેસીઆઈ દ્વારા આજે સવારે ૯ વાગ્યે ટ્રાફીક અવેરનેસ માટે બાઈક રેલી યોજાઈ હતી. ડીવાયએસપી કોમલબેન વ્યાસે બાઈક રેલીને લીલી ઝંડી આપી રેલી શરૂ કરાઈ હતી. ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતના માર્ગદર્શન હેઠળ યોજાયેલી રેલીમાં પોલીસ અને જે.સી.આઈ.ના ૫૦ જેટલા બાઈકો રેલીમાં જોડાયા હતા. ટ્રાફીક અવેરનેશના પેમ્ફલેટ, ચોકલેટ અને ગુલાબના ફુલ આપીને ટ્રાફીક અવેરનેશ કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો.

# હાઈકોર્ટ ડીવાયએસઓના પરીક્ષાર્થીઓથી શહેર ઉભરાયું

ગાંધીનગર, તા. ૧૬

હાઈકોર્ટના ડીવાયએસઓની પ્રથમ પરીક્ષા આપવા માટે સમગ્ર જિલ્લામાંથી પરીક્ષાર્થીઓ ગાંધીનગરમાં ઉમટી પડ્યા હતા. શહેરની મોટી શાળાઓમાં આ પરીક્ષા યોજાઈ હતી.

હાઈકોર્ટમાં ડીવાયએસઓની પોસ્ટ માટે સમગ્ર રાજ્યમાંથી ઘણા ઉમેદવારોએ અરજી કરતા આજે સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન સમગ્ર રાજ્યમાં મુખ્ય મથકોએ એલીમીનેશન ટેસ્ટ યોજાઈ હતી. ગાંધીનગર જિલ્લામાંથી પણ હજારોની સંખ્યામાં ઉમેદવારો આ પરીક્ષામાં બેઠા હતા. ગાંધીનગર જિલ્લા અને અમદાવાદ જિલ્લાના ઘણા વિદ્યાર્થીઓનો નંબર ગાંધીનગર આવ્યો હતો. આથી વહેલી સવારની ગાંધીનગર આવતી બસોમાં પરીક્ષાર્થીઓની જ મોટી સંખ્યા જોવા મળતી હતી. ગ્રામ્ય વિસ્તારની કેટલીક બસો તો મુસાફરોથી ખીચોખીચ ભરેલી જોવા મળી હતી. વહેલી સવારથી જ શહેરમાં પરીક્ષાર્થીઓ ઉભરાયા હતા. શહેરની તમામ મોટી શાળાઓમાં આ પરીક્ષા યોજાઈ હતી. બપોરે ૧૨ વાગે પરીક્ષા પૂર્ણ થયા પછી ખાણીપીણીના સ્થળો બસ સ્ટેન્ડ,રીક્ષા સ્ટેન્ડો પર પણ પરીક્ષાર્થીઓની સંખ્યા સવિશેષ જોવા મળતી હતી.

# સે-૨૧ ગોવર્ધનનાથજીની હવેલી આસપાસ ગીચ ઝાડીનું સામ્રાજય

## ઝાડી વચ્ચે ઘાસ અને ગંદકી થતા ભાવિકોમાં આક્રોશ : મેયરને સ્થળ નિરિક્ષણ કરવા રજૂઆત


ગાંધીનગર, તા.૧૫

સે-૨૧ સ્થિત ગોવર્ધનનાથજીની હવેલી આસપાસના વિસ્તારમાં ગીચ ઝાડી અને ઘાસ વચ્ચે ગંદકી ખદબદતી હોવાથી દર્શનાર્થીઓમાં આક્રોશ પ્રવર્ત્યો છે. ગાંધીનગર વૈષ્ણવ સમાજે ભાવિકોની સમસ્યા હલ કરવા વનમંત્રીને રજૂઆત કરી છે.

ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ ડી.એફ. શાહે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર સે-૨૧ સ્થિત ગોવર્ધનનાથજીની હવેલી આસપાસ ગીચ ઝાડી અને ગંદકીના લીધે ભાવિકોએ પારવાર હાલાકી વેઠવી પડે છે. હવેલી પાછળ દિવાલને અડીને જ ગીચ જંગલ અસ્તિત્વમાં આવ્યું છે. ગંદકી અને દબાણનો પ્રશ્ન પણ ઉદભવતા મંદિર પરિસર સમસ્યાઓથી ઘેરાયુ છે. ગીચ ઝાડીના લીધે મચ્છરો અને જીવજંતુનો ઉપદ્રવ પણ ઉધી ગયો છે. એક બાજુ સ્વચ્છતા જાળવવા નગરજનોને અપીલ કરવામાં આવે છે ત્યારે શહેરના ધાર્મિકસ્થાનો પર વિરોધાભાસ જોવા મળે છે. મંદિર આસપાસના વિસ્તારમાં આવી

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા સુપુત્ર **સ્વ. ગૌરવ મધુસૂદન ભટ્ટ**નું દુઃખદ અવસાન તા. ૮-૯-૨૦૧૩ને રવિવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૬-૯-૨૦૧૩ને સોમવારે બપોરે ૩ થી ૬ વાગ્યા** સુધી નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ઝુલેલાલ-સાંઈબાબા મંદિર (સિંધુધામ), ૨૧/૩૦ બસસ્ટેન્ડ પાછળ, સેક્ટર-૩૦, ગાંધીનગર.**

લી.

અ.સૌ. હર્ષલ અજીત ઠાકર — પ્રો. એમ. કે. ભટ્ટ (પિતા)
ડો. શ્વેતલ જીગ્નેશ પરીખ — અ.સૌ. લીનાબેન એમ. ભટ્ટ (માતા)
અજીત કે. ઠાકર — ચિ. હર્મીન ગૌરવ ભટ્ટ (પુત્ર)
ડો. જીગ્નેશ આઈ. પરીખ

ફોન : ૦૭૯-૨૩૨૬૦૯૩૨, મો. ૯૯૦૯૬ ૪૨૧૩૯



ખાડીયા સાર્વજનિક ગણેશ પરિવાર દ્વારા લાખિયાની પોળમાં શ્રીજીની ભવ્ય મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. દિવ્ય શણગારથી સુશોભિત ગણેશજીની મૂર્તિના દર્શન માટે ભાવિકોની ભીડ ઉમટે છે. ગુજરાત શ્રી ગણેશ એસોસિએશન ખોખરા તરફથી ખાડિયા સાર્વજનિક ગણેશ મહોત્સવને સમગ્ર અમદાવાદમાં પ્રથમ નંબરે વિજેતા જાહેર કરવામાં આવેલ છે.

## વિશ્વ ઓઝોન દિવસ : ૧૬મી સપ્ટેમ્બર

ધી યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં સને ૧૯૮૭માં ઓઝોન સ્તરના સંરક્ષણ માટે ૧૬ સપ્ટેમ્બરના દિવસને આંતરરાષ્ટ્રિય ઓઝોન દિવસ જાહેર કરવામાં આવ્યો છે.

આ વર્ષેની ઓઝોન દિવસની ઉજવણી માટેની થીમ છે, Save our Sky, Ozone Friendly Planet, Our Target

ઓઝોનનું સ્તર તાપમાનને સંતુલિત રાખે છે, તથા સૂર્યમાંથી નીકળતા હાનિકારક કિરણોનું શોષણ કરી પૃથ્વી પરના જીવોનું રક્ષણ કરે છે. ઓઝોનનું સ્તર સમતાપ મંડળમાં ૧૫-૩૫ કિ.મી. ઉંચાઈ પર સ્થિત છે. એવું માનવામાં આવે છે કે, લાખો વર્ષોથી વાયુ મંડળની સંરચનામાં કોઈ બદલાવ જોવા મળ્યો નથી. પરંતુ છેલ્લા પચાસ વર્ષોમાં મનુષ્યએ પ્રકૃતિનાં સંતુલનને બગાડતા તત્વોને વાયુમંડળમાં છોડીને વાયુમંડળને અસ્ત વ્યસ્ત કરી દીધું છે જે ધીમે ધીમે આ જીવન રક્ષક સ્તરને નષ્ટ કરી રહ્યું છે.

સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ યોજના એ વિએના સંધિની શરૂઆત કરી જેમાં ૩૦ થી વધારે દેશો જોડાયા હતા. વર્ષ ૧૯૮૭માં મોન્ટ્રિયલમાં એવા પદાર્થોની યાદી બનાવવામાં આવી હતી કે જેના કારણે ઓઝોનનું સ્તર નષ્ટ થઈ રહ્યું છે, તથા વર્ષ ૨૦૦૦ સુધીમાં ક્લોરોફ્લોરો કાર્બનનાં ઉપયોગમાં ૫૦% સુધીના ઘટાડાની ઘોષણા કરી હતી. ક્લોરોફ્લોરો કાર્બનથી ઓઝોનના સ્તરને નુકસાન પહોંચે છે. જે મુખ્યત્વે એસી., રેફ્રીજરેટર, વોટર કુલર વગેરેમાંથી નીકળે છે. અન્ય એક એવું રાસાયણ છે - મિથાઈલ બ્રોમાઈડ. જે ઓઝોન સ્તર માટે ચેતવણી છે. તે ક્લોરીનની માફક ૩૦ થી ૫૦ ગણુ વધારે વિનાશકારી છે.

જુદાં જુદા સામાજિક જૂથો પણ આ કાર્યમાં ભાગ લઈ શકે જેવા કે, વ્યક્તિ, શાળાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ. કેટલાક એવા ઉત્પાદનો કે જે ઓઝોનના સ્તરને નુકસાનકર્તા ન હોય એવા ઉત્પાદનોનો પ્રચાર. ઓઝોનના સ્તરના સંરક્ષણ માટે ખાસ પ્રોગ્રામ, પ્રચાર-પ્રસાર માટે પોસ્ટર કે ચોપાનીયા વગેરે. આ ખાસ દિવસે ઓઝોનનાં સ્તરનાં સંરક્ષણ માટે કામ કરતાં લોકો અને સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા જેથી તેઓને પ્રોત્સાહન મળે અને લોકોમાં આવી વ્યક્તિઓ કે સંસ્થા ઉદાહરણ સ્થાપિત કરે જેથી સમાજમાં આ કામ માટે જાગૃતિ આવે.

વિશ્વભરના દેશો ઓઝોન સ્તરનાં સંરક્ષણ માટે પ્રયત્નો કરી રહ્યાં છે. આપણા આકાશને બચાવવાં તથા ઓઝોન સ્તરનાં સંરક્ષણ માટે આપણી પણ કેટલીક ફરજો બને છે. આ વિષય ઉપર ગંભીરતાથી વિચાર કરીએ અને આપણી જવાબદારી પ્રત્યે સભાન બનીએ.

**વૃક્ષ વાવો અને બચાવો**
**વન વિભાગ, ગુજરાત રાજ્ય**

માહિતી/૧૨૨૭/૧૩-૧૪


## વધે નામના તમારી એવી શુભકામના અમારી



**જીતુભાઈ આર. સેજાણી**

ગાંધીનગર મહાનગર ભાજપના મંત્રી અને જલારામ સેવા સમાજના પ્રમુખ તરીકે વરાયેલા શ્રી જીતુભાઈ સેજાણીની વરણીને આવકારી અને ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ.

શ્રી રમેશભાઈ એમ. ઠક્કર
(જુના સચિવાલય - મીના બજાર)
શ્રી ચંદ્રકાન્તભાઈ એચ. ઠક્કર
સમગ્ર લોહાણા સમાજ વતી અભિનંદન

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11,
Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com